ગાંધીનગર સમાચાર

ઈદના પર્વ નિમિત્તે બાલોદ્યાન અને સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓની ભીડ

# લાયન્સ કલબનો શતાબ્દી મહોત્સવ યોજાયો

## મહાત્મા મંદિર ખાતે લાયન્સ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીક્ટ ૩૨૩-બીના ડીસ્ટ્રીક્ટ ગર્વનર પદે ડૉ. યોગેશભાઈ દવેનો શપથવિધી યોજાયો






ગાંધીનગર, તા. ૧૦

લાયન્સ કલબ ઈન્ટરનેશનલના ડિસ્ટ્રીકટ- ૩૨૩-બીનો ૪૪મો ડિસ્ટ્રીકટ કેબીનેટ ઈન્સ્ટોલેશન અને કલબના ૧૦૦ વર્ષની ઉજવણી સમારંભ આજ રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સમારંભમાં ડિસ્ટ્રીકટ- ૩૨૩-બીના નવા ડિસ્ટ્રીકટ ગર્વનર પદે શ્રી ડૉ. યોગેશભાઈ દવેની નિમણૂંક કરવામાં આવી હતી. તેમજ હાલના ગર્વનર શ્રી રાજીવ છાજેડને સન્માનભેર વિદાય આપવામાં આવી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા હમેંશા તેના કામથી ઓળખ પામે છે, લાયન્સ કલબે ૧૦૦ વર્ષમાં તેના ઉમદા સેવાકીય કાર્યોથી આજે ગુજરાત રાજય જ નહિ, પણ દેશ અને વિશ્વમાં એક વિશ્વસનીય સંસ્થા તરીકે તેની છબી ઉભી કરી શકી છે. લાયન્સ કલબે હમેંશા માનવીય સેવા કાર્યને જ પ્રાધાન્ય આપીને સમાજને સેવા કાર્ય માટેની રાહચિંધી છે. આગામી સમયમાં ગુજરાત રાજયનું આરોગ્ય વિભાગ અને લાયન્સ કલબ પીપીપી મોડેલે એક બીજા સાથે જોડાય અને રાજયમાં આરોગ્ય ક્ષેત્રેની સેવાકીય પ્રવૃત્તિને વધુ આગળ વધારે તે માટે સુચારું આયોજન કરવાની વાત પર પણ ખાસ ભાર મુક્યો હતો. આ ઉમદા કાર્યને વધુ ઝડપભેર સાકાર કરવા ટુંક સમયમાં આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ અને લાયન્સ કલબના હોદેદારો સાથે બેઠક યોજાશે.

ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોઈ પણ માણસની પ્રાથમિક જરૂરિયાત રોટી, કપડા અને મકાન છે, તે સંતોષાય તે પછી વધુ પૈસા કમાવવાની જિજ્ઞાસા તેનામાં જાગે છે, તે ઈચ્છા પણ પૂર્ણ થાય તે પછી તેને પોતાની નામનાની ભૂખ જોગ છે, ત્યાર બાદ તે શાંતિ શોધે છે. સાચી શાંતિ સેવાકીય કાર્યોથી જ મળે છે, લાયન્સ કલબના સભ્યો સેવાકીય કાર્યો કરીને સાચી શાંતિ મેળવી રહ્યાં છે. કોઈ પણ દેશ, રાજય કે સમાજનો વિકાસ કરવા માટે અંત્યોદય વ્યક્તિનો વિકાસ ખૂબ જરૂરી છે.

આ પ્રસંગે પૂર્વ ઈન્ટરનેશનલ પ્રમુખ શ્રી રોહિતભાઈ મહેતાએ સુભાશિષ પાઠવ્યા હતા. તેમજ અમદાવાદના સિધ્ધિ વિનાયકના એલ.સી પ્રમુખ શ્રી રેનુ અગ્રવાલે સર્વે મહાનુભાવો અને સભ્યોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમના અંતે પૂર્વ ગર્વનર શ્રી કે.એમ.ગોયેલ આભારવિધી કરી હતી.

આ સમારંભમાં લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીકટ-૩૨૩-બીના સભ્યો અને લાયન્સ કલબના પૂર્વ ગર્વનરશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## @ગાંધીનગર

● બી.પી. કોલેજ ઓફ બીબીએના વિદ્યાર્થીઓ સવારે ૧૦.૦૦ કલાકે પેથાપુરના કૈલાશધામ વૃધ્ધાશ્રમના વડીલો સાથે પિકનીક મનાવશે.

## પેથાપુરની મહિલા શરીરે દાઝી જતા સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીકના પેથાપુર ગામે ઘરમાં બપોરના સમયે રસોઈ બનાવતા ૩૬ વર્ષીય મહિલાને આગની જવાળાઓએ લપેટી લેતા મહિલા ગંભીર રીતે દાઝી ગઈ હતી જેથી ઈજાગ્રસ્ત મહિલા સારવાર અર્થે ગાંધીનગર બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાં રાત્રે સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નિપજયું હતું. આ મામલે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પેથાપુર ગામે રહેણાંક વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય મુસ્લિમ મહિલા રૂકસાના બાનુ સાદીક હુસેન કુરૈશી ગત રોજ પોતાના ઘરમાં પ્રાઈમસ પર રસોઈ બનાવી રહી હતી. બસ આજ અરસામાં પ્રાઈમસમાંથી આગની જવાળાઓ મહિલાના કપડામાં લાગતા ક્ષણિક સમયમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા મહિલા ગંભીર રીતે શરીરે દાઝી જતા પરિવારજનો તાબડતોબ ગાંધીનગર સિવિલમાં લઈ આવ્યા હતા. મહિલાની હાલત નાજુક ગણાતા તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાં રાત્રે ૧૦ વાગ્યાના સમયે સારવાર દરમિયાન તેણીનું મોત થવા પામ્યું હતું. આ મામલે ચિલોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની વધુ તપાસ જમાદાર વિજયસિંહ ચલાવી રહ્યા છે.

## સેકટર-૨૪માંથી ૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત

### મનપાની ટીમે ૩૦ જેટલા વેપારીઓ પાસેથી આ પ્લાસ્ટીકનો જથ્થો કબ્જે કર્યો હતો

ગાંધીનગર, તા.૧૦

પ્લાસ્ટીક મુકત ગાંધીનગર ઝુંબેશ સંદર્ભે ગાંધીનગર મનપાની ટીમે આજે સે-૨૪માં વેપારીને ત્યાં ભારે સપાટો બોલાવ્યો હતો. જેમાં ટીમે ૩૦ જેટલી દુકાનમાં ૫૦ કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો હતો. આ ઝુંબેશ દરમિયાન અન્ય વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો અને પ્લાસ્ટીક સગેવગે કરવા લાગ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગર શહેરને પ્લાસ્ટીક ફ્રી બનાવવા બે ટીમ બનાવી વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ છે. જેમાં છેલ્લા ૧૦ દિવસથી ગાંધીનગરમાં અનેક વેપારી પાસેથી મોટા પ્રમાણમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

આજે મનપાની ટીમે મહેશ મોડની આગેવાનીમાં સે-૨૪માં વિવિધ વેપારીને ત્યાં ભારે સપાટો બોલાવ્યો હતો અને ૩૦ જેટલી દુકાનોમાંથી ૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો હતો. મનપાની ટીમના સપાટાને પગલે અન્ય નાના મોટા વેપારીઓ કાર્યવાહી જોઈ પ્લાસ્ટીક બેગને સગેવગે કરવા લાગી ગયા હતા. આ પ્લાસ્ટીક મુકત ઝુંબેશને લઈ વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

## શહેરમાં રણજી ટ્રોફીના ખેલાડીઓની ચાલી રહેલી પ્રેકટીસ

ગાંધીનગર, તા.૧૦

મુંબઈમાં વરસાદને પગલે રણજીત ટ્રોફીના ૧૯ ખેલાડીઓ ગાંધીનગર સાંઈ તેમજ પરિશ્રમ સ્પોર્ટસ એકેડમી ખાતે કિક્રેટ મેચની પ્રેકટીસ કરી રહ્યા છે. રણજી ટ્રોફી તેમજ આઈપીએલ રમી ચુકેલા ખેલાડીઓ પ્રેકટીસ દરમ્યાન અન્ય ખેલાડીઓને પણ માર્ગદર્શન પુરુ પાડે છે. પરિશ્રમ એકેડમી ખાતે સવાર સાંજ પ્રેકટીસ કરીને પસીનો વહાવી આગામી મેચ માટે તૈયારી કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ક-૭ પાસે આવેલ પરિશ્રમ સ્પોટર્સ એકેડમી ખાતે મુંબઈથી રણજીત ટ્રોફીના ૧૯ ખેલાડીઓ પ્રેકટીસ માટે આવ્યા છે. આ ખેલાડીઓ મુંબઈમાં વરસાદને પગલે ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા ખાતે એક માસ માટે આવેલા છે. તા.૩૦ જુનના રોજ આવેલા ખેલાડીઓ ૨૫ જુલાઈના રોજ પરત મુંબઈ જવા રવાના થશે.



ઈન્ડીયન નેવીના રણજી ટ્રોફીના ખેલાડીઓ તેમજ આઈપીએલ રમી ચુકેલા ખેલાડીઓ કોચ પી. ચંદ્રન અને અંશુલ ગુપ્તાના માર્ગદર્શન હેઠળ તાલિમ મેળવી રહ્યા છે. જેમાં રણજી ટ્રોફીના હરીયાણાના ખેલાડી શમશેર યાદવ, સૌરાષ્ટ્રના આઈપીએલ રમી ચુકેલા અને ઓલરાઉન્ડર દિપક પુણીયા, મિડીયમ પ્રેશર બોલર પૂનમ પુણીયા, હાર્દીક શેઠ્ઠી, વિકેટ કિપર અને બોલર નાગુલ શર્મા, વિજય હજારે, રાહુલ કનોજીયા લેગ સ્પીનર બોલર, શકિત માલવીયાસ, લખન સિંઘ, વિજય સાલ્વીનો સમાવેશ થાય છે. આ અંગે કોચ પી.ચંદ્રન સાથે વાત કરતા જણાવ્યું હતું કે રણજીત ટ્રોફીની મેચ પહેલાની તૈયારી કરવા માટેનો કેમ્પ છે. ગાંધીનગરનું પરિશ્રમ એકેડમીનું ગ્રાઉન્ડ તે માટે સારું છે. અત્યારે હાલ લોકલ ટીમ સાથે મેચ રમી રહ્યા છે.આગામી સમયમાં આંધ્રપ્રદેશ ખાતે કડપ્પા ખાતે એક માસનો કેમ્પ છે. જેમાં ઈન્ટર સર્વિસિસ ટુનાર્મેન્ટ રમાશે. રણજીત દરજી, ક્રિષ્ના ચાવડા, સચિન નાડકર્ણી ગાંધીનગરના સારા બેટસમેન છે. કે જેઓ ઈન્ડીયન નેવી માટે કેટલાક ખેલાડી રણજી ટ્રોફી રમી ચુક્યા છે.ગાંધીનગર શહેરમાંથી પણ સારા ક્રિકેટરો મળી ચુક્યા છે અનેઆગામી સમયમાં મળશે. આ ખેલાડીઓને પરિશ્રમ એકેડમીના ઈન્ચાર્જ અને અને જાણીતા ક્રિકેટ કોચ દામોદર નાડકર્ણીનો સાથ, સહકાર અને માર્ગદર્શન સતત મળી રહ્યું છે. અત્યારે હાલ તો વરસાદ ગાંધીનગર શહેરમાં પણ ન હોવાથી ખેલાડીઓ પ્રેકટીસ પુરજોશમાં કરી રહ્યા છે.

## વાતવાતમાં

● શહેરમાં રખડતા ઢોરની સમસ્યા હવે એટલી હદે વકરી છે કે માત્ર ગાય, બળદ, ભેંસો જ નહી પરંતુ હવે તો રખડતા ગધેડા પણ જોવા મળી રહ્યા છે. ઘ રોડ પર આવા જ ૭-૮ રખડતા ગધેડાનું એક ઝુંડ વાહન ચાલકો માટે નડતરરૂપ બન્યું હતું અને રોડનું ડીવાઈડર કુદી કુદીને રોડ ક્રોસ કરતા આ ગધેડા જોખમરૂપ બન્યા હતા.

● રોજે રોજ આકાશમાં વાદળોનો ઘેરાવો કરવા છતાં પડું પડું કરતો વરસાદ પડતો નથી એટલે નગરજનોમાં થોડી નિરાશા જોવા મળી રહી છે. જો કે આ માહોલમાં શહેરમાં મકાઈની લારીઓ લાગી ગઈ હોવાથી ‘વીક એન્ડ’માં તેની મજા માણવા અનેક દંપતિ તથા પરિવારોની લાઈનો લાગેલી જોવા મળી હતી.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળામાં ‘મા-બાપ છો ભુલશો નહી’ વિષયે ડો. દીપક તૈરેયાનું વ્યાખ્યાન સાંભળવા બાળ ઉછેર માટે ચિંતિત વાલીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. વ્યાખ્યાન દરમિયાન અપાતા દૃષ્ટાંતો પોતાના જીવનમાં સચોટ લાગુ પડતા અનુભવી આ દંપતિ એક બીજાને કોણી મારીને કે સામું જોઈને ‘સાંભળ્યું, હું નહોતો કહેતો કે નહોતી કહેતી’ જેવા ભાવો પ્રદર્શિત કરતા હતા.

● વરસાદ ભલે ગાંધીનગરમાં ના પડયો પણ અન્યત્ર તો પડયો છે ને એટલું શહેરના યુવા વર્ગ માટે પુરતું છે. આ વાતાવરણને શક્ય હોય તેટલું વધુ માણવા યુવાનો બાઈક ડ્રાઈવ કે ગૃપમાં કાર ડ્રાઈવ કરીને વિજયનગરની પોળો, બાયડના ઝાંઝરી કે તેવા અન્ય સ્થળોએ પિકનિકનો આનંદ માણી રહ્યાં છે.

# ‘મારી દિકરીને કોઈ પરણશે નહી, એટલે મારે તેને ભણાવવી છે’

## બ્લડ કેન્સરનો ભોગ બનેલી દિકરીની સારવારમાં પાછુ વળીને ન જોનાર મા-બાપે રૂઢિચુસ્તોને ખોટા પાડયા આજે સ્વમાનભેર ઘર માંડીને જીવી રહેલ દિકરી રાજયના સરકારી તંત્રમાં કાર્યરત પણ છે



**સંબંધ સજાવે જિંદગી**

સમીર રામી

ગાંધીનગર, તા.૧૦

આજનો યુગ વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ મેડીકલ સાયન્સમાં વિકાસની હરણફાળ ભરી રહ્યો છે છતાં બીજી તરફ સમાજમાં જીવનની કઠાણાઈઓ સામે સામાન્ય માનવી અધૂરી સમજના કારણે દોરા-ધાગા, બાધા-આખડી, ભૂવા-બાવા-ફકીર વગેરેની જાળમાં ફસાઈ અંધશ્રધ્ધાનો શિકાર બની રહ્યો છે. જો કે વર્ષો પહેલા ગાંધીનગર નજીકના રાંધેજા ખાતે સ્થાયી થયેલ પશુપાલક દંપતિએ અંધશ્રધ્ધાની બદી ફગાવી પોતાની દિકરીને થયેલ બ્લડ કેન્સર જેવી ભયાનક બીમારીની લગનથી પધ્ધતિસર સારવાર કરાવી હતી. એક સમયે માત્ર કેટલાક દિવસની મહેમાન લાગતી આ દિકરી આજે મા-બાપનું ગૌરવ બની સન્માનભેર જીવન જીવી રહી છે. એટલું જ નહી પરંતુ સરકારી તંત્રમાં નોકરી સાથે પોતાનો સુખી સંસાર માંડી એક દિકરીને પણ ઉછેરી રહી છે.

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારના સૌથી છેવાડાના સૂઈ ગામના મૂળ વતની એવા નારણભાઈ દેસાઈ અને તેમના પત્નિ કુંવરબેન રાંધેજા ખાતે ગુજરાત વિદ્યાપીઠમાં ગૌશાળામાં ગાયોની સાર સંભાળનું કામ મળતા પોતાની જાતિનો વિચરતા રહેવાનો સ્વભાવ ત્યાગી સ્થાયી થયા હતા. પોતાના સમાજમાં વિચરતા રહેવાથી બાળકોના અભ્યાસમાં પડતી તકલીફોથી વાકેફ આ દંપતિ અભણતાના દૂષણથી થતા નુકસાનને સમજતા હતા. રાંધેજાના વિદ્યાપીઠ સંકુલમાં રહેવા છાપરું અને સાથે કામ મળી જતા સ્થાયી થયેલા આ દંપતિને પાંચ સંતાનો થયા અને આંગણે કિલ્લોલ થવા લાગ્યો. પરંતુ આ કિલ્લોલમાં અચાનક વિક્ષેપ પડયો જયારે મોટી દિકરી ચેહરબેનને તે જયારે દસમા ધોરણમાં હતી ત્યારે જ અચાનક તેની તબિયત લથડવા લાગી. તેના ગળામાં અને બગલમાં સમજાય નહી તેવી ગાંઠો નીકળી અને હૃષ્ટપૃષ્ટ શરીર મુર્ઝાવા લાગ્યું. તેને સતત ઝાડા થયા કરવાથી શરીર ધોવાતું ગયું અને તરેહતરેહની તકલીફો થવા લાગી. સમય હતો ૧૯૯૫ના વર્ષનો. આ ગાળામાં સામાન્ય રીતે બાળકને તાવ આવે તો પણ દવાખાને લઈ જવાને બદલે ભૂવાને ત્યાં લઈ જવાતું. પરંતુ વિદ્યાપીઠના સુસંસ્કૃત વાતાવરણમાં રહીને કદાચ આ દંપતિની વિચારસરણીને નવી હવા લાગી હોય તેમ તેમણે દિકરીની સારવાર કરાવવા ડૉકટર પાસે લઈ ગયા. એક બે ત્રણ એમ તબીબો બદલવાથી દિકરીના સ્વાસ્થ્યમાં સુધારો ના જણાતા છેવટે એક તબીબની સલાહથી અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા જયાં તેમની દિકરીને ‘બ્લડ કેન્સર’ હોવાનું નિદાન થતા જ તેમના પગ તળેથી જમીન સરકી ગઈ.



એક તો ટૂંકી આવક અને ઉપરથી આ સિવાય બીજી બે દિકરી અને બે દિકરાની જવાબદારી આમ છતાં આ દંપતિએ સહેજ પણ ડગ્યા વગર ચેહરબેનનો ઈલાજ કરાવવાનું નક્કી કર્યુ અને સારવાર ચાલુ કરાવી દીધી. ગામના અને સમાજના નજીકના સ્નેહીજનોએ હિંમત આપવાને બદલે ‘આ રોગ તો મટી શકે તેમ નથી, આના કરતા ભૂવા પાસે લઈ જાવ, માતાજીની બાધા રાખો’ જેવા ઉપદેશો આપ્યા. બધુ અવગણીને નારણભાઈ તથા કુંવરબેને દિકરીની સારવાર કરાવવામાં કોઈ કસર ના છોડી, ઘરેણાં વેચ્યા, ઘરનો કેટલોક સમાન પણ વેચવો પડયો. બધાએ કહ્યું ગમે તેટલો ખર્ચો કરશો પણ વ્યર્થ છે, પાછળની બે દિકરીનો તો વિચાર કરો. અરે એક બે ઓળખિતા ડોકટરોએ પણ કહી દીધું કે તમારી દિકરી નહી બચી શકે, ખોટા ખર્ચા ના કરશો. વિદ્યાપીઠના એક સંકુચિત માનસ ધરાવતા અધ્યાપકે તો ‘મારું માનો તેને સાત આઠ દિવસ એક રુમમાં પુરી દો એટલે વાત પુરી થશે.’ એવી કાળજુ ચીરી નાંખતી સલાહ પણ આપી દીધી હતી. સારવારમાં દિકરીના વાળ પણ ખરવા લાગ્યા હતા. એટલે માથે સ્કાર્ફ બાંધીને પણ શાળાએ ભણવા જતી. સારવારમાં તેના આખા શરીરનું લોહી બદલવામાં આવ્યું. કિમોથેરેપી અપાઈ, અરે અત્યંત પીડાદાયક ‘બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ’ પણ કરાયું. આ સારવાર તો એટલી આકરી હતી કે તે દરમિયાન ડોકટર-નર્સ પણ રડી પડતા હતા.

નારણભાઈ-કુંવરબેન દિકરીને સારવાર અપાવવા અમદાવાદ જવાનું હોય એટલે બે નાના સંતાનોને ઘરમાં પુરીને જતા, નારણભાઈને બીડી પીવાની આદત પરંતુ હોસ્પિટલમાં બે બે દિવસ બીડી પીધા વગર ચલાવી લે. છેવટે ત્રણ ત્રણ વર્ષની ખરી સારવાર બાદ દિકરીને સારું થવા લાગ્યું. તેણે ફરી અભ્યાસ ચાલુ કર્યો. હવે તે મોટી થઈ. પરંતુ ‘કેન્સર’ થયેલી દિકરી સાથે લગ્ન કોણ કરે? કુંવરબેન કહે ‘મારી દિકરીને કોઈ પરણવાનું નથી એટલે મારે તેને ભણાવવી છે.’ અને દિકરીએ બીએ પાસ કરી વિદ્યાપીઠમાંથી માસ્ટર ઓફ રૂરલ મેનેજમેન્ટ પણ કર્યું. દિકરીની ખ્યાતિ સમાજમાં ફેલાઈ અને સામેથી માંગુ આવ્યું તો નારણભાઈએ દિકરીના કેન્સરની વાત જણાવી દીધી. માંગુ લઈને આવનારે પણ કહ્યું ‘અમને બધી ખબર છે, મારા દિકરા સાથે પરણ્યા પછી તેની બધી જવાબદારી અમારી રહેશે, જો કેન્સર ઉથલો મારશે તો અમે તેની સારવાર કરાવીશું.’ બસ પછી તો ચેહરબેનના વાજતે ગાજતે લગ્ન થયા અને પતિ માનસિંગભાઈ દેસાઈએ તેમને સહર્ષ સ્વીકાર્યા. ઓછુ ભણેલા હોવા છતાં પશુપાલનના ધંધામાં કુશળ માનસિંગભાઈએ ચેહરબેનને ભણેલા હોવાથી નોકરી કરવાની છૂટ પણ આપી. સરકારીતત્રમાં હંગામી નોકરી મેળવનાર ચેહરબેન આજના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ જયારે મહેસૂલ મંત્રી હતા ત્યારે તેમના અંગત સ્ટાફમાં પાંચ વર્ષ કલાર્ક રહી ચુકયા છે અને અત્યારે ગૃહમંત્રી રજનીભાઈ પટેલના કાર્યાલયમાં પણ કલાર્ક તરીકે સેવાઓ આપી રહ્યા છે. વર્ષ ૨૦૦૮માં એક દિકરીના માતા બનેલા ચેહરબેનને એક વર્ષ પછી અકસ્માત નડયો અને તેમાં અસંખ્ય ફ્રેકચર પણ થયા. આમ છતાં એ બધાથી પાર ઉતરી આજે આનંદમય જીવન જીવી રહ્યા છે તે માટે પોતાના માતા પિતાને અને તેમણે ગૌ શાળામાં ગાયની કરેલી સેવાના પુણ્યને કારણભૂત માને છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ઈદના પર્વ નિમિત્તે બાલોદ્યાન અને સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓની ભીડ

### ઈદના પર્વ બાદ રજાઓમાં ઉજવણીનો માહોલ જામતા નગરમાં ધમધમાટ

ગાંધીનગર, તા.૧૦

પવિત્ર રમઝાન મહિનાના ત્રીસ રોજાના અંતે અલ્લાહ તઆલા મુસ્લિમ બિરાદરોને રમઝાન ઈદનો શુભ દિવસ ભેટ સ્વરૂપે આપે છે. રમઝાન ઈદની ઉજવણીનો માહોલ સતત નગરમાં જોવા મળી રહ્યો છે. મુસ્લિમ બિરાદરો રમઝાન ઈદની રજાઓને માણી રહ્યા છે. ગાંધીનગરના જોવાલાયક સ્થળો પર ભારે ભીડ જોવા મળી રહી છે. ગાંધીનગરમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં સહેલાણીઓ ઈદ નિમિત્તે ફરવા આવતા હોય છે. તેમજ અમદવાદથી પણ બસો, રીક્ષાઓ તથા ખાનગી વાહનોમાં સહેલાણીઓ આવી ઈદ મનાવતા હોય છે. નગરના રસ્તાઓ અને ખાણી પીણીના બજારોમાં પણ ઈદનો માહોલ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરના સે-૨૮ના બાલોદ્યાનનો એક જમાનો હતો. જો કે વર્ષો પછી ગાંધીનગરમાં સમય અંતરે અક્ષરધામ, મહાત્મા મંદિર, સ્વર્ણિમ પાર્ક અસ્તિત્વમાં આવ્યા બાદ સહેલાણીઓ ગાંધીનગર તરફ વધુ આકર્ષાયા છે. પરંતુ ભુલકાઓમાં સેકટર-૨૮ના બાલોદ્યાનનું આકર્ષણ યથાવત છે. ભૂલકાઓની છૂક છૂક ગાડી, બોટીંગ અને વિવિધ પ્રકારની રાઈડસની મજા માણવા પણ બાલોદ્યાનમાં સહેલાણીઓની ભીડ જામે છે.

હાલ રમઝાન ઈદના તહેવારના દિવસોમાં બાલોદ્યાનમાં જાણે કીડીયારુ ઉભરાયુ હોય તેવા દશ્યો સર્જાયા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈદ નિમિત્તે બાલોદ્યાનમાં ભારે ભીડ નજરે પડી રહી છે. આ ઉપરાંત સુપ્રસિધ્ધ અક્ષરધામ મંદિરમાં પણ મુલાકાતીઓની વિશેષ અવરજવર જોવા મળે છે. આ ઉપરાંત નગરના હાર્દ સમા વિસ્તાર સ્વર્ણિમ પાર્કમાં પણ મોડી રાત સુધી સહેલાણીઓ ટહેલતા નજરે પડે છે. પાર્કમાં અવનવી લાઈટીંગ અને હરિયાળી લોન વચ્ચે સીટીંગ અમ્બ્રેલા નીચે સહેલાણીઓનો જમાવડો જોવા મળી રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. અરવિંદરાય માનશંકર ભટ્ટ, ઉ.વ. ૯૩
- સ્વ. જસીબેન કાળાજી સોલંકી, ઉ.વ. ૬૦
- સ્વ. રેવાબેન ગાંડાભાઈ સોલંકી, ઉ.વ. ૫૭